# ટોક્સિકોલોજિસ્ટ (વિષ વૈજ્ઞાનિક)

ટોક્સિકોલોજી/વિષવિજ્ઞાન એ વિજ્ઞાનનું એક ક્ષેત્ર છે જે રસાયણો, પદાર્થો અથવા પરિસ્થિતિઓની લોકો, પ્રાણીઓ અને પર્યાવરણ પર થતી હાનિકારક અસરોને સમજવામાં મદદ કરે છે. કેટલાક વિષવિજ્ઞાનને "સુરક્ષાના વિજ્ઞાન" તરીકે ઓળખે છે કારણ કે તે એક એવા વિજ્ઞાનમાંથી વિકસિત થયું છે જે ઝેર અને રાસાયણિક જોખમોની પ્રતિકૂળ અસરોના અભ્યાસ પર કેન્દ્રિત છે અને સલામતીને લગતી બાબતોનો અભ્યાસ કરવા માટે સમર્પિત છે. આ ક્ષેત્રના નિષ્ણાતને ટોક્સિકોલોજિસ્ટ કહેવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમને પ્રયોગ કરવાનું ગમે છે
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૭,૦૦૦ થી ૪,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બોટની/કેમિસ્ટ્રી/ઝુઓલોજી/બાયોકેમિસ્ટ્રી અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

૩. સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, ટોક્સિકોલોજીમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ટોક્સિકોલોજિસ્ટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૧,૦૦૦ થી ૧,૬૬,૬૬૭*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Toxicologist/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી અને ખાનગી હોસ્પિટલો, મેડિકલ કોલેજો, સરકારી અને ઔદ્યોગિક પ્રયોગશાળાઓ વગેરે.

**ઉદ્યોગસાહસિકતાઃ** તમે તમારી પોતાની પ્રયોગશાળા શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** આ ડેસ્ક જોબ છે. તમારે નર્સો તથા અન્ય તબીબી કર્મચારીઓની ટીમને સંભાળવાની જરૂર પડશે. સ્થાનિક મુસાફરી તમારી કામગીરીનો ભાગ નથી. પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ છે. હોસ્પિટલો અને ક્લિનિક્સ સામાન્ય રીતે ૬ થી ૭ દિવસ સુધી કામ કરે છે. તમે અઠવાડિયામાં ૬ દિવસ, ૯ થી ૧૦ કલાક કામ કરો તેવી શક્યતા છે. ક્લિનિક મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → જુનિયર ડોક્ટર → એલર્જી નિષ્ણાત → વરિષ્ઠ ડોક્ટર (એલર્જી) → વિભાગના વડા → હોસ્પિટલના ડીન

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટોક્સિકોલોજિસ્ટ, સાયન્ટિસ્ટ ટોક્સિકોલોજી, એનાલિટીકલ કેમેસ્ટ્રી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ટોક્સિકોલોજી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જેમ્સ (જી.એમ.ઈ.આર.એસ.) મેડિકલ કૉલેજ, વલસાડ
૨. કિંગ્સ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી, લખનૌ
૩. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૪. મૌલાના આઝાદ મેડિકલ કોલેજ, દિલ્હી
૫. ગવર્મેન્ટ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, ચંદીગઢ
૬. બરોડા મેડિકલ કૉલેજ, વડોદરા
૭. ઓસ્માનિયા મેડિકલ કોલેજ, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી અને એમ.સી.આઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. સ્વામીનારાયણ યુનિવર્સિટી, ગાંધીનગર
૨. કસ્તુરબા મેડિકલ કોલેજ , મણિપાલ
૩. જવાહરલાલ ઈન્સ્ટિટ્યુટ ઑફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, પુડુચેરી
૪. બનાસ મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પાલનપુર
૫. સેન્ટ જોન્સ મેડિકલ કોલેજ, બેંગલુરૂ
૬. જેએસએસ મેડિકલ કોલેજ, મૈસુર
૭. શિક્ષા 'ઓ' અનુસંધાન યુનિવર્સિટી, ભુવનેશ્વર
૮. એસ.આર.એમ. યુનિવર્સિટી, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડૉ. પી. સંપત કુમાર** એક ટોક્સિકોલોજિસ્ટ, લીગલ મેડિસિન અને મેડિકલ એક્સપર્ટાઈઝ સ્પેશિયાલિસ્ટ છે અને ચેન્નાઈમાં સેવાઓ આપે છે. તેઓ આ ક્ષેત્રમાં ૩૯ વર્ષનો અનુભવ ધરાવે છે. ડૉ. કુમારે મદ્રાસ મેડિકલ કોલેજ, ચેન્નાઈમાંથી ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિકોલોજીમાં એમ.બી.બી.એસ. અને એમ.ડી. ની પદવી હાંસલ કરી છે. તેઓ તામિલનાડુ મેડિકલ કાઉન્સિલના સભ્ય છે.*

સ્રોતઃhttps://www.practo.com/chennai/doctor/dr-p-sampath-kumar-toxicologist

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.